# ધોરણ 5 ગૃહકાર્ય

નમસ્કાર શિક્ષક મિત્રો તેમજ બાળ દોસ્તો આ વેકેશન માં સમય નો સદુપયોગ માટે અમે – શિક્ષક  સાગર એપ ટીમ – આપના માટે ઘણી બધી  તૈયારી કરી રહ્યા છીએ અમે આપના માટે પઝલ્સ,  વાર્તાંમ જીલ્લા પરિચય વ્યક્તિ વિશેષ પરિચય, બાળગીત પોથી, અક્ષર સુધારણા અભિયાન, તેમજ અવનવી પ્રવૃતિઓ આપ્નામાતે લાવી રહ્યા છીએ તો આવી તમામ પ્રવૃતિઓ મેળવવા માટે અમારા વોટ્સેપ  ગ્રુપ્મજોઇન થવા માટે અહી ક્લિક કરો

**અહી ક્લિક કરો**

# ધોરણ – 5 ગૃહકાર્ય

સુજ્ઞ વાલીશ્રી,

આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણું સંતાન સારું જીવન જીવે. સંતાનોના શિક્ષણમાં સહભાગી બની તેના સર્વાંગી વિકાસ માટે તેને મદદ કરીએ. આગામી વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ ચાલતું રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...

## અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- દરરોજ સવારે માતા–પિતા અને વડીલોને વંદન કરવું તેમજ પક્ષીઓને ચણ નાખવું.
- દરરોજ ગુજરાતી કે પર્યાવરણના એક પાઠનું વાચન કરવું અને દરરોજ એક ફકરો સુંદર અક્ષરે લખવો.
- ઘરવપરાશની 50 જેટલી ચીજવસ્તુઓના ભાવ જાણી તેનું ભાવપત્રક લખવું.
- દરરોજ સરવાળા,બાદબાકી, ગુણાકાર, ભાગાકારના બે-બે દાખલા ગણવા.
- ગુજરાતી મહિનાનાં નામ લખી એ મહિનામાં આવતાં ફળો, શાકભાજી અને તહેવારનાં નામ લખો.
- વાઘ, શિયાળ અને હાથી આ ત્રણ પાત્રોનો ઉપયોગ કરીને એક વાર્તાની રચના કરવી અને લખવી.
- તમારા ઘરેથી શાળા સુધી આવવાનો નકશો બનાવો.
- વાર, મહિના અને ઋતુનાં નામ અંગ્રેજીમાં લખો.
- તમારા કુટુંબના સભ્યો અને બધાં સગા સંબંધીઓનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો.
- તમારો અને તમારા મિત્રનો પરિચય હિન્દીમાં લખો.
- હિન્દી ગિનતી १ थी ५० સુધી લખવી.
- ૧ થી ૩૦ સુધીની સંખ્યાઓના અવયવ લખો.

વર્ષ 2024-25

shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

- કોઈપણ વર્ષનું કેલેન્ડર લઈ તેમાં આવતા તહેવારોની તારીખ(અંકોમાં અને શબ્દોમાં) અને વાર લખવા.
- વેકેશન દરમિયાન ઘરના આંગણે કે ખેતરમાં એક વૃક્ષ વાવવું અને તેનો ઉછેર કરવો.
- દરરોજ રેતીમાં એક ચિત્ર દોરવું અને માતા-પિતાને બતાવવું.
- દરરોજ જમતાં પહેલાં ગાય કે કૂતરાને રોટલો કે રોટલી ખવડાવી તેની ખાવાની રીતનું અવલોકન કરવું.
- ૧ થી ૨૦ના ઘડિયા સીધા, આડા અને ઊંધા એક-એક વખત લખવા.
- ૩, ૮, ૬, ૧, ૦ અને ૪ આ અંકોની મદદથી છ અંકની વીસ સંખ્યાઓ બનાવી શબ્દોમાં લખો.
- બેસતા વર્ષના દિવસની તમારી દિનચર્યા (રોજનીશી) લખવી.
- સીધી રેખાથી તમારા પાંચ મિત્રનું નામ અંગ્રેજીમાં લખી તેમાં આવતા ખૂણાઓ ગણી તેનું વર્ગીકરણ કરો.
- જૂના મોજામાંથી સાપ કે સસલાનું પપેટ બનાવો.
- નિબંધ લખો: (૧) મારી શાળા, (૨) મારો પ્રિય તહેવાર
- તમારા જિલ્લાના તમામ તાલુકાનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો.
- કાગળમાંથી કોઈપણ પાંચ વસ્તુઓ બનાવો.
- દિવાળી તહેવારને લગતું ચિત્ર દોરી રંગ પૂરો.
- બે સાવરણા (ઝાડુ) બનાવવા.
- કોઈ ખેડૂતની મુલાકાત લઈ ખેતીમાં વપરાતાં કોઈપણ દસ ઓજારોનાં નામ અને ઉપયોગ વિશે લખો.
- તમને ગમતા વૃક્ષના પાંચથી દસ ઉપયોગો લખવા.



shikshansagar.com શિક્ષણ સાગર The King of Education